## વ્યારા નગરપાલિકાની ચૂંટણી 56 ઉમેદવારના ફોર્મ માન્ય

**ભાજપના** કુલ 55 ઉમેદવાર પૈકી 27 ના ફોર્મ અમાન્ય

વ્યારા: ગતરોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોના ફોર્મ ચકાસણી દરમિયાન વ્યારા નગરપાલિકાનાં કુલ 88 ઉમેદવાર પૈકી 56 ઉમેદવારના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતાં જ્યારે 32 જેટલા ઉમેદવારના ફોર્મ ગેરલાયક ઠરતા રદ કરવામાં આવ્યા હતા. રદ કરવામાં આવેલા ઉમેદવારોની વાત કરીએ તો ભાજપનાં ઉમેદવારોના સૌથી વધુ 27 ફોર્મ રદ થયા હતા, જેમાં ડમી ઉમેદવારોનો સમાવેશ થાય છે. જ્યારે કોંગ્રેસના 4 અને આમ આદમી પાર્ટીનું એક ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું. વોર્ડ નંબર 3 અને 6 માં 1-1 તેમજ વોર્ડ નંબર 7 માં કોંગ્રેસના 2 ઉમેદવારોના ફોર્મ રદ કરવામાં આવ્યા હતાં જ્યારે આમ આદમી પાર્ટીના 10 ઉમેદવારોમાંથી વોર્ડ નંબર -1ના ઉમેદવારનું ફોર્મ રદ કરાયું હતું. વ્યારા નગર પાલિકામાં 7 વોર્ડમાં કુલ 28 બેઠકો પૈકી વોર્ડ નંબર 5 માં ચારેય બેઠકો તેમજ વોર્ડ નંબર 7 માં 2 બેઠક પર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કોઈ ઉમેદવારો દ્વારા ફોર્મ ન ભરાતા ભાજપના ઉમેદવારો બિનહરિફ થયા હતાં. તેમજ વોર્ડ નંબર 1 માં પણ 1 બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર દ્વારા ફોર્મ ભર્યું ન હોય અન્ય એક બેઠક પર પણ ભાજપની જીત નિશ્ચિત બની છે.

### ડો. તુષાર ચૌધરીનો ચૂંટણી અધિકારી સામે પક્ષપાતનો આક્ષેપ

ગુજરાત વિધાનસભાનાં વિપક્ષી નેતા ડો.તુષાર ચૌધરીએ વ્યારા નગરપાલિકાનાં ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી સામે વોર્ડ નંબર 3 ના ઉમેદવાર મયુર પંચાલ તરફથી પક્ષપાતભર્યું વલણ દાખવી ચોક્કસ રાજકીય પક્ષના દબાણમાં આવી લોકશાહીનું હનન કરી પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક ન નિભાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને વ્યારા નગરપાલિકાની ચૂંટણી નિષ્પક્ષ અને તટસ્થ રીતે યોજાય તે માટે તાત્કાલિક અસરથી વ્યારા નગર પાલિકાનાં ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીની અન્ય સ્થળે બદલી કરવાની માંગ કરવામાં આવી હતી.

### તાપી 8 તાલુકા પંચાયતમાં 147 ફોર્મ રદ

તાપી જિલ્લાના આઠ તાલુકા પંચાયતની કુલ ૧૩૪ બેઠકો માટે 535 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા જેમાંથી ફોર્મ ચકાસણી દરમિયાન 388 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતાં જ્યારે ચકાસણીના અંતે 147 ફોર્મ રદ કરવામાં આવ્યા હતાં.

### તાપી જિલ્લા પંચાયત સીટ પર 118 માંથી 78 ફોર્મ માન્ય

તાપી જિલ્લા પંચાયતની કુલ 26 બેઠક પર કુલ 118 જેટલાં ઉમેદવારે ચૂંટણી લડવા માટે ફોર્મ ભર્યા હતા. જેમાંથી ગતરોજ ફોર્મ ચકાસણી દરમિયાન 78 જેટલાં ઉમેદવારોના ફોર્મને માન્ય રાખવામાં આવ્યા હતાં જ્યારે 40 જેટલાં ફોર્મને રદ કરવામાં આવ્યા હતા.

## બારડોલીની વરાડ બેઠક પર કોંગ્રેસના બે મેન્ડેટને લઈ ડ્રામા

**અંતે** રોહિત ચૌધરીની ઉમેદવારી માન્ય, ભાવિન ચૌધરીનું ફોર્મ રદ કરાયું

બારડોલી: સુરત જિલ્લા પંચાયતની ચૂંટણીના ફોર્મ ચકાસણીના અંતિમ દિવસે બારડોલી તાલુકાની વરાડ (એસટી અનામત) બેઠક પર કોંગ્રેસમાં આંતરિક વિખવાદ અને ભારે ખેંચતાણ જોવા મળી હતી. આ બેઠક પર કોંગ્રેસ પક્ષ દ્વારા બે અલગ-અલગ વ્યક્તિઓને મેન્ડેટ આપવામાં આવતા વહીવટી તંત્ર અને પક્ષના કાર્યકરોમાં ભારે ગૂંચવણ ઊભી થઈ હતી. વિગતવાર માહિતી મુજબ વરાડ બેઠક પરથી ભાવિન ચૌધરી અને રોહિત ચૌધરી એમ બંને ઉમેદવારોએ કોંગ્રેસના સત્તાવાર મેન્ડેટ રજૂ કરીને પોતાની દાવેદારી નોંધાવી હતી. સોમવારે ચકાસણી દરમિયાન બંને ઉમેદવારે પક્ષ તરફથી પોતાને જ અધિકૃત ગણવામાં આવ્યા હોવાનો દાવો કરતાં મામલો ગરમાયો હતો. જિલ્લા પ્રમુખે એક જ બેઠક પર બે મેન્ડેટ કેવી રીતે ફાળવ્યા તે પ્રશ્ન કાર્યકરોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

જોકે લાંબી કાયદાકીય પ્રક્રિયા અને પક્ષના આદેશ બાદ અંતે રોહિત ચૌધરીને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ નિર્ણયને પગલે ભાવિન ચૌધરીનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. આ સાથે જ રોહિત ચૌધરીની પત્ની મંજુલાબેન ચૌધરી જેમણે ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું હતું, તેમનું ઉમેદવારી પત્ર પણ નિયમ મુજબ અમાન્ય ઠર્યું હતું. સુરત જિલ્લાની ઓલપાડ અને કામરેજ જેવી બેઠકો બાદ હવે બારડોલીમાં પણ ઉમેદવારોની પસંદગી મામલે કોંગ્રેસમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ થયા છે. વરાડ બેઠક પરના આ વિવાદે ચૂંટણી ટાણે જ પક્ષની જૂથબંધી અને વ્યવસ્થાપનની નબળાઈઓને સપાટી પર લાવી દીધી છે.

## સંકલન જ નથી! કોંગ્રેસે ઉમેદવારના બદલે બીજાને મેન્ડેટ આપી દેવાતા ફોર્મ રદ

**નવાગામ** જિલ્લા પંચાયતની બેઠક પર ઉમેદવારી કરનાર મનિષાબેન રામોલીયાનું ફોર્મ રદ

કામરેજ: સ્થાનિક સ્વરાજની ચૂંટણી ફોર્મ ચકાસણીના દિને નવાગામ જિલ્લા પંચાયતના કોગ્રેંસના ઉમેદવારની જગ્યાએ બીજાનું પાર્ટી દ્વારા મેન્ડેટ આવતા ભાજપ અને આપ વચ્ચે ચૂંટણી જગ જામશે. સોમવારના રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારોના ફોર્મ ચકાસણીના દિને કામરેજ તાલુકામાં સુરત જિલ્લા પંચાયતની ચાર બેઠકમાં નવાગામ બેઠક પર ભાજપ પક્ષમાંથી માજી તાલુકા ઉપપ્રમુખ ભૂમિકાબેન મૌલિકભાઈ પટેલ, આમ આદમી પાર્ટીમાંથી ધારાબેન વિપુલભાઈ પરમારના મંજૂર થવા પામ્યા છે. જ્યારે કોગ્રેંસમાંથી મનિષાબેન દિનેશભાઈ રામોલીયાએ ઉમેદવારી કરી હતી પરંતુ જેણે ઉમેદવારી જ નથી કરી એવા હેતલબેન સોલંકીનુ મેન્ડેટ આવતાં મનિષાબેનનું ફોર્મ રદ થયું છે. જેના લઈને આપ અને ભાજપ વચ્ચે ટક્કર જામશે. કામરેજ જિલ્લા પંચાયતમાં ભાજપ પક્ષમાંથી મહેશ કાંતિભાઈ સોલંકી, કોગ્રેંસ પક્ષમાંથી વિવેક જયંતિભાઈ પરમાર, આપ પક્ષમાંથી ગિરિશ કિશનભાઈ પરમાર તેમજ અપક્ષમાં માજી કામરેજ તાલુકા કોગ્રેંસ પક્ષના પ્રમુખ એવા કિશોર બેચરભાઈ કંથારીયાએ ઉમેદવારી કરી છે. ખોલવડ જિલ્લા પંચાયતમાં ભાજપ પક્ષમાંથી માજી તાલુકા પંચાયય પ્રમુખ એવા સ્વ.રાજેન્દ્રભાઈ મોદીના પુત્ર સમીર મોદી, કોગ્રેંસ પક્ષમાંથી માજી કામરેજ તાલુકા કોગ્રેંસ પ્રમુખ ભગવાન ભીખાભાઈ ભોકળવા અને આપમાંથી રેખાબેન દિનેશભાઈ સંઘાણીએ ઉમેદવારી કરી છે. ઉંભેળ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપ પક્ષમાંથી માજી ધારાસભ્ય અને જિલ્લા પંચાયત સભ્ય એવા ભારતીબેન રાઠોડના પુત્ર બિરેન અમૃતભાઈ રાઠોડ, કોગ્રેંસ પક્ષમાંથી ખાલપ ધુળજીભાઈ રાઠોડએ ઉમેદવારી કરી છે.

### પલસાણા- 1 બેઠક પર પણ ભાજપ બિનહરીફ

પલસાણા: વરેલીની બેઠક બિનહરીફ થયા બાદ આજ રોજ પલસાણાની બેઠક પણ કબજે કરી હતી. પલસાણા 1 ના કોંગ્રેસ ના મહિલા ઉમેદવારે પોતાનું ઉમેદવારી ફોર્મ ખેંચતા ભાજપે જીત મેળવી હતી. તાલુકા પંચાયતની વરેલી-૧ બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર નેહાબેન સંજયભાઈ રાઠોડ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જ્યાં આજ રોજ પલસાણા 1 ના કોંગ્રેસ ના ઉમેદવાર ઉષાબેન ભીખા ભાઈ રાઠોડે પોતાની ઉમેદવારી ખેંચી લેતા ભાજપના ગાયત્રીબેન નિલેશભાઈ રાઠોડ વિજેતા જોવા મળ્યા હતા.

## ભરૂચ જિ. ની પાલિકાઓની ચૂંટણી માટે 379 ઉમેદવાર

**ફોર્મ** ચકાસણીમાં સૌથી વધુ 16 ફોર્મ આમોદ પાલિકામાં અમાન્ય, અંકલેશ્વરમાં ઉમેદવારોનું એક પણ ફોર્મ અમાન્ય નહીં

ભરૂચ: ભરૂચ, અંકલેશ્વર, જંબુસર અને આમોદ નગરપાલિકાના વિવિધ વોર્ડની કુલ 132 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તારીખ 13 એપ્રિલના રોજ ફોર્મ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સત્તાવાર યાદી અને આંકડાઓ અનુસાર, આ 4 નગરપાલિકા માટે કુલ 419 જેટલા ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેમાંથી ચકાસણી પ્રક્રિયાના અંતે 379 ઉમેદવારોના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે, જ્યારે 40 જેટલા ફોર્મ વિવિધ કારણોસર અમાન્ય ઠર્યા છે.

નગરપાલિકા મુજબ આંકડાકીય વિશ્લેષણ કરીએ તો, ભરૂચ નગરપાલિકાના 11 વોર્ડની 44 બેઠક માટે સૌથી વધુ 137 ફોર્મ ભરાયા હતા, જેમાંથી 126 ફોર્મ માન્ય અને 11 ફોર્મ અમાન્ય રહ્યા છે. અંકલેશ્વર નગરપાલિકાના 9 વોર્ડની 36 બેઠક માટે 107 ફોર્મ ભરાયા હતા, જેમાં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે ચકાસણી દરમિયાન એક પણ ફોર્મ અમાન્ય ઠર્યું નથી અને તમામ 107 ફોર્મ માન્ય રહ્યા છે. આ ઉપરાંત જંબુસર નગરપાલિકાના 7 વોર્ડની 28 બેઠકો માટે 100 ઉમેદવારે ફોર્મ ભર્યા હતા, જેમાંથી 87 માન્ય અને 13 ફોર્મ અમાન્ય જાહેર થયા છે. છેલ્લે, આમોદ નગરપાલિકાના 6 વોર્ડની 24 બેઠક માટે 75 ફોર્મ ભરાયા હતા, પરંતુ ચકાસણી દરમિયાન અહીં સૌથી વધુ 16 ફોર્મ અમાન્ય ઠર્યા છે અને 59 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. તારીખ 6 થી 11 એપ્રિલ સુધી ચાલેલી ફોર્મ ભરવાની પ્રક્રિયામાં છેલ્લા દિવસે એટલે કે 11 એપ્રિલના રોજ 341 જેટલા અધધ ફોર્મ ભરાયા હતા. હવે 15 એપ્રિલના રોજ ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ વીત્યા બાદ ઉમેદવારોનું અંતિમ ચિત્ર અને કયા પક્ષના કેટલા ઉમેદવારો મેદાનમાં છે તેની સંપૂર્ણ વિગતો સ્પષ્ટ થઈ જશે.

## કડોદરા નગરપાલિકાના 10 ફોર્મ રદ, વિપક્ષને ફટકો

**આપના** પાંચ, કોંગ્રેસનું 1, અપક્ષના 3, બીએસપીનું 1 ફોર્મ રદ

પલસાણા: સુરત જિલ્લાની કડોદરા નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ગત શનિવારે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે કામરેજ પ્રાંત કચેરી ખાતે ઉમેદવારી પત્રોની ઝીણવટભરી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન ક્ષતિઓ અને ટેકનિકલ કારણોસર કુલ 10 ઉમેદવારના ફોર્મ રદ કરવામાં આવ્યા છે, જેમાં સૌથી વધુ નુકસાન આમ આદમી પાર્ટીને થયું છે.

નગરપાલિકાના કુલ 7 વોર્ડની 28 બેઠક માટે મોટી સંખ્યામાં ફોર્મ ભરાયા હતા. ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવેલી ચકાસણીમાં આમ આદમી પાર્ટીના 5, અપક્ષના 3, કોંગ્રેસનું 1 અને બીએસપીનું 1 ફોર્મ રદ જાહેર કરવામાં આવ્યું છે. પક્ષો દ્વારા મુકવામાં આવેલા ડમી ઉમેદવારોના ફોર્મ તો નિયમ મુજબ રદ થયા જ હતા, પરંતુ કેટલાક મુખ્ય અને અપક્ષ ઉમેદવારોના ફોર્મમાં ગંભીર ક્ષતિઓ રહી જતાં તેમને ચૂંટણી રેસમાંથી બહાર થવું પડ્યું છે. વિગતવાર જોઈએ તો, વોર્ડ નંબર 1માં કોંગ્રેસના ભારતીબેન માલી અને વોર્ડ નંબર 3માં બીએસપીના સંજય વાઘેલાનું ફોર્મ રદ થયું છે. વોર્ડ નંબર 2માં અપક્ષ ઉમેદવાર રાકેશ સાલેકર તેમજ 'આપ' ના અનુકુમારી સિંહ અને કમલેશભાઈ વાંસફોડાના પત્રો અમાન્ય ઠર્યા છે. વોર્ડ નંબર 4માં 'આપ' ના રાજુભાઈ આહીર અને નૈનુ ભાદુના ફોર્મ રદ થયા છે. આશ્ચર્યજનક રીતે, રાજુભાઈ આહીર દ્વારા વોર્ડ નંબર 4 અને 6 એમ બંને જગ્યાએથી ઉમેદવારી નોંધાવાઈ હતી અને તેમના બંને ફોર્મ રદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વોર્ડ નંબર 5 માં અપક્ષ ઉમેદવાર રાજેન્દ્રસિંહ ખરવાસિયા અને વોર્ડ નંબર 7 માં અપક્ષ શીલાબેન ઓડની ઉમેદવારી રદ થઈ છે. ફોર્મ રદ થતા હવે આગામી દિવસોમાં ચૂંટણીનું ચિત્ર વધુ સ્પષ્ટ બનશે.



હિતેશ પટેલ

## માંડવી નગરપાલિકા ચૂંટણી: અંતે 50 મૂરતીયા મેદાને

**કુલ** 69 ફોર્મ પૈકી 19 ફોર્મ અમાન્ય ઠર્યા

માંડવી: માંડવી નગરપાલિકાની આગામી 26મી એપ્રિલે યોજાનારી સામાન્ય ચૂંટણી માટે વહીવટી પ્રક્રિયા તેજ બની છે. ઉમેદવારી પત્રોની ચકાસણીના અંતે કુલ 69 ફોર્મ પૈકી 19 ફોર્મ અમાન્ય ઠર્યા છે, પરિણામે હવે મેદાનમાં 50 ઉમેદવારો બાકી રહ્યા છે. આગામી 15મી એપ્રિલે ફોર્મ પરત ખેંચવાની અંતિમ મુદત બાદ જ ચૂંટણીનું ખરું ચિત્ર સ્પષ્ટ થશે. માંડવી નગરપાલિકાના જંગમાં ઝંપલાવવા માટે વિવિધ પક્ષો અને અપક્ષો દ્વારા ઉત્સાહપૂર્વક ઉમેદવારી નોંધાવવામાં આવી હતી. ચૂંટણી અધિકારી પિયુષ પટેલ અને મદદનીશ ચૂંટણી અધિકારી અજય રાઠોડના માર્ગદર્શન હેઠળ તથા ચીફઓફિસર પૂર્વીબેન પટેલની ઉપસ્થિતિમાં હાથ ધરાયેલી ચકાસણી પ્રક્રિયામાં ટેકનિકલ ખામીઓ અને ડમી ઉમેદવારોના કુલ 19 ફોર્મ રદ કરવામાં આવ્યા હતા. હાલની સ્થિતિએ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાય તેવા સંકેતો મળી રહ્યા છે, જ્યારે અપક્ષ ઉમેદવારોની હાજરીને કારણે ચૂંટણી રસાકસીભરી બને તેવી શક્યતા છે. જોકે, રાજકીય પક્ષો અત્યારે પોતાના બળવાખોર ઉમેદવારોને મનાવવાના પ્રયાસો કરી રહ્યા છે.





## અંકલેશ્વર તાલુકા, જિલ્લા પંચાયતમાં પણ ઘણા ફોર્મ રદ

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની આગામી ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. અંકલેશ્વર નગરપાલિકાની 9 વોર્ડની 36 બેઠકો માટે ભરાયેલા તમામ 107 ઉમેદવારી ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. અંકલેશ્વર પ્રાંત કચેરી ખાતે ચૂંટણી અધિકારી ભવદીપ સિંહ જાડેજા અને મામલતદાર રાજન વસાવાની હાજરીમાં આ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. અંકલેશ્વર તાલુકાપંચાયતની 26 બેઠક માટે 67 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, જેમાંથી 5 ફોર્મ રદ થતાં હવે 62 ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. જિલ્લા પંચાયતની 6 બેઠક માટે 21 ઉમેદવારી ફોર્મ દાખલ થયા હતા. તેમાંથી 3 ઉમેદવારના ફોર્મ રદ થતાં હવે 18 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ યોજાશે. આ ઉપરાંત, હાંસોટ તાલુકા પંચાયતમાં પણ 45 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, જેમાંથી 38 ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે.

## ભરૂચ કોંગ્રેસ ડબલ મેન્ડેટ વિવાદ: કુતબુદ્દીન પટેલ આઉટ, સમસાદ સૈયદ ઈન

**શહેર** કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદી પર કોરા મેન્ડેટનો દુરૂપયોગ કરાયાનો આક્ષેપ, રાજીનામાની માંગ



ભરૂચ: ભરૂચ પાલિકાની ચૂંટણીમાં વોર્ડ-2માં કોંગ્રેસના મેન્ડેટ પર કુતબુદ્દીન પટેલ અને સમસાદ અલી સૈયદની ડબલ ઉમેદવારીને લઈ બહાર આવેલા મેન્ડેટકાંડ અને હાઈવોલ્ટેજ ડ્રામાનો આખરે અંત આવ્યો છે. એક મેન્ડેટ પ્રદેશ કક્ષાએથી અને એક સ્થાનિક સ્તરેથી ઉમેદવારોને અપાયું હોવાથી સર્જાયેલા વિવાદને પગલે છેલ્લા બે દિવસથી શહેર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પણ મીડિયાથી મોં છુપાવતા ફરતા હતા. સોમવારે ઉમેદવારી પત્રોની ચકાસણી પ્રક્રિયા દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારીએ વોર્ડ નં.2માં કોંગી ઉમેદવાર તરીકે સમસાદ અલી સૈયદ અને હેમેન્દ્ર કોઠીવાલાની ઉમેદવારી માન્ય રાખી હતી. સત્તાવાર રીતે ઉમેદવાર જાહેર થયેલા સમશાદ અલી સૈયદે આ સમગ્ર મેન્ડેટ વિવાદ માટે શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદીને સીધા જવાબદાર ઠેરવી તેમના રાજીનામાની માંગ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે શહેર પ્રમુખે યોગ્ય પ્રક્રિયા વિના અને પહેલી યાદી જાહેર કર્યા વગર જ મેન્ડેટ વહેંચ્યાછે. બીજી તરફ, જેમના ફોર્મ અંગે વિવાદ હતો તેવા કુતબુદ્દીન પટેલે પણ ભારે આક્રોશ વ્યક્ત કરતાં કોંગ્રેસના પ્રદેશકક્ષાના તથા જિલ્લા કક્ષાના ઉચ્ચ હોદ્દેદારો પર સમાજ સાથે વિશ્વાસઘાતના તથા આર્થિક વ્યવહારો કરીને ટિકિટોની ફાળવણીના આક્ષેપો કર્યા હતા.

## સુરત જિ.પં.ની સાયણ બેઠક પર આપના ઉમેદવારનું ફોર્મ રદ

**સાયણ-2ના** આપના ઉમેદવારે ચૂંટણી લડવા લેખિત અનિચ્છા દર્શાવતા સીટ બિનહરીફ થાય તેવા એંધાણ

સાયણ: ઓલપાડ તા. પં. ની કુલ ૨૪ સીટ અને તાલુકામાં સમાવિષ્ટ જિ.પં. ની કુલ પાંચ સીટનાં ઉમેદવારોનાં ફોર્મની ચકાસણી ચૂંટણી અધિકારીએ કરી સાયણ જિ.પં.સીટ ઉપર આમ આદમી પાર્ટીનાં ઉમેદવારનું ફોર્મ રદ કરાયું છે.

સાયણ જિ.પં.સીટ ઉપર 'આમ આદમી' પાર્ટીના ઉમેદવાર હિરેન શાંતિલાલ પટેલનાં ઉમેદવારી ફોર્મ સાથેની એફિડેવિટ, સહી સાથે ક્રમ નંબર જેવી વિવિધ બાબતોનાં કારણે ચૂંટણી અધિકારીએ તેનું ઉમેદવારી પત્રક રદ કરી તેને મૌખિક જાણ કરી હતી. જો કે તેમને જાણ થતાં ઉમેદવાર પોતાની લીગલ ટીમ સાથે ચૂંટણી અધિકારી પાસે પહોંચી દાવો ચાલુ રાખ્યો હતો. પરંતુ ચૂંટણી અધિકારીએ તેને ક્ષતિ સાથેનાં લેખિત કારણોની નોટિસ આપી તેનું ફોર્મ રદ કર્યું હતું. જો કે સાયણ સીટ ઉપર ભાજપનાં ઉમેદવાર બ્રિજેશ ભગવતી પટેલ અને કોંગ્રેસનાં મુકેશ નાથુભાઈ પટેલનું ફોર્મ મંજૂર રખાતા બંને ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. આ ઉપરાંત મોર જિ.પં.સીટ ઉપર ભાજપ અને કોંગ્રેસ પાર્ટી મળી કુલ બે ઉમેદવારોના ફોર્મ માન્ય રખાયા છે. જ્યારે ઓલપાડ જિ.પં.સીટ ઉપર ભાજપ-કોંગ્રેસ-આમ આદમી પાર્ટી મળી કુલ ત્રણ ઉમેદવાર જયારે પિંજરત જિ.પં. સીટ ઉપર ભાજપ અને કોંગ્રેસ બન્ને ઉમેદવારોનાં ફોર્મ માન્ય રખાયા છે.

જયારે ઓલપાડ તાલુકા પં.ની સાયણ-૨ સીટ ઉપર આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર શશીકાંત ચંદુભાઈનું ફોર્મ. મંજૂર તો થયું હતું. પરંતુ તેમણે ચૂંટણી અધિકારીને પોતે ચૂંટણી લડવા માંગતા ન હોવાનું લેખિતમાં જાણ કરતાં ફોર્મ ખેંચવાની તારીખ ૧૫ મીએ ચિત્ર સ્પષ્ટ થશે. જો તેઓ ઉમેદવારી પરત ખેંચશે તો તા.પં.ની સાયણ-૩ સીટનાં એકમાત્ર રહેલા ઉમેદવાર વિજય ગામીત બિનહરીફ વિજેતા જાહેર થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

જયારે સાંધીએર, કુડસદ, મુળદ સીટ ઉપર ભાજપ- કોંગ્રેસ- આમ આદમી પાર્ટી મળી કુલ ત્રણ ઉમેદવારોનાં ફોર્મ માન્ય થયા છે. કીમ-૧ અને કીમ-૨ ઉપર ભાજપ-કોંગ્રેસ અને અન્ય પક્ષનાં ઉમેદવારનું ફોર્મ માન્ય રખાયા છે. જ્યારે કુદસદ-૧ સીટ ઉપર ભાજપ- કોંગ્રેસનાં બંન્ને ઉમેદવારોના ફોર્મ માન્ય રખાયા છે. સરોલી, અરીયાણા, બરબોધન, કરંજ, દાંડી,કદરામા,માસમા,ઓલપાડ-૧, સિવાણ સીટ ઉપર ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. જ્યારે તા.પં.ની મોર, ઓલપાડ-૨, પિંજરત, સરસ, ટકારમા સીટ ઉપર ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાખીયો જંગ ખેલાશે.

## અનૈતિક સંબંધના ઝઘડામાં પુત્રએ પિતાની હત્યા કરી

**પુત્રની** ધરપકડ, પિતાના અનૈતિક સંબંધને લઈ કેટલાક સમયથી પારિવારિક સ્થિતિ વણસી હતી



કીમ: સુરતના ઓલપાડ તાલુકાના કુડસદ ગામમાંથી એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક પુત્રે પોતાના જ પિતાની હત્યા કરી નાખતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. માહિતી અનુસાર, કુડસદ ગામમાં રહેતા સોમનાથ રેડી અને તેમના પુત્ર રાજા કિશોર રેડી વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પારિવારિક મુદ્દાઓને લઈને તણાવ ચાલી રહ્યો હતો. ખાસ કરીને પિતાના અનૈતિક સંબંધને લઈને પરિવારમાં વારંવાર વિવાદ અને બોલાચાલી થતી હોવાની માહિતી સામે આવી છે. ૧૦મી તારીખના રોજ આ વિવાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગયો હતો. બોલાચાલી દરમિયાન ગુસ્સે ભરાયેલા પુત્ર રાજા કિશોર રેડીએ પિતાને માથાના ભાગે બોથર્ડ પદાર્થથી જોરદાર પ્રહાર કર્યો હતો. આ હુમલામાં સોમનાથ રેડી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના બાદ પરિવારજનો અને આસપાસના લોકોએ તરત જ તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમની હાલત વધુ બગડતા અંતે તેમનું મોત નીપજ્યું હતું. હત્યા બાદ આરોપી પુત્ર રાજા કિશોર રેડી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. કીમ પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી આરોપીને શોધી કાઢી ધરપકડ કરી છે. પોલીસ દ્વારા આરોપી સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટનાએ ફરી એકવાર બતાવી દીધું છે કે કુટુંબના આંતરિક વિવાદો જો સમયસર ઉકેલવામાં ન આવે તો તે ગંભીર પરિણામો આપી શકે છે.

## યુદ્ધથી મોંઘવારી વધતા કોન્ટ્રાકટર એસો.ની તાપી કલેક્ટરને રજૂઆત

**સરકારી** કામોમાં સમય મર્યાદા વધારવા સહિત જરૂરી રાહત આપો



વ્યારા: ઈરાન-અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી મોંઘવારીની અસર કોન્ટ્રાક્ટરો પર પણ પડી છે. બાંધકામ માટે આવશ્યક ચીજવસ્તુ અને માલ સામાનનો ભાવ વધારો થતાં ટેન્ડર પ્રક્રિયા દ્વારા હાથ ધરાયેલા વિકાસલક્ષી કામો તેમજ જરૂરી માળખાકીય સુવિધાઓ માટેના કામો પર વિપરીત અસર થવા પામી છે. ટ્રાન્સપોર્ટેશનના ખર્ચમાં પણ તોતિંગ વધારો થતાં વિવિધ સરકારી માળખાકીય સુવિધાના કામો તેમજ બાંધકામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ ન થાય તેવી શક્યતા રહેલી છે. ત્યારે તાપી જિલ્લામાં કોન્ટ્રાક્ટર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને વિવિધ સરકારી બાંધકામ સહિત વિવિધ માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે આવશ્યક માલસામાન તેમજ પરિવહન ખર્ચમાં પણ તોતિંગ વધારો થતાં નિયત સમય મર્યાદામાં કામો પૂરા કરવાની ગણતરી ઊંધી પડી છે. જેને લઈને રાજ્યમાં વિકાસ કામો પર ગંભીર અસર થવાની ભીતિ સાથે કોન્ટ્રાક્ટરોને મોટો આર્થિક ફટકો પડવાનો ભય સતાવી રહ્યો છે. ત્યારે હાલમાં ચાલતા કામોમાં કોઈ પણ જાતની પેનલ્ટી વિના આ કામોમાં સમય મર્યાદામાં વધારો કરવા તેમજ નીતિગત રાહત આપવા તાપી જિલ્લાનાં કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા તાપી જિલ્લા કલેકટર તેમજ માર્ગ અને મકાન વિભાગ સહિત સિંચાઈ વિભાગ (પંચાયત)ના અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હતી.

## રાજપીપળા પાલિકામાં ભાજપે એક જ પરિવારના 3ને ટિકિટ આપતા નારાજગી

રાજપીપળા: રાજપીપળા નગરપાલીકામાં ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે વોર્ડ નં. ૨ માં રહેતા એક જ પરીવારને વોર્ડ નં. ૨ ની 2 ટીકીટ તથા વોર્ડ નં. ૩ ની એક ટીકીટ ફાળવી દેવામાં આવી છે. ભાજપ દ્વારા તેમના જ નિયમોને ઘોળીને પી જવામાં આવ્યા છે. આ 3 વ્યક્તિ ભાજપ દ્વારા હાથ ધરાયેલી સેન્સ પ્રક્રિયામાં હાજર પણ ના હતા. જેઓ ભાજપના સક્રિય સભ્યો પણ નથી. તેવા લોકો ભાજપ દ્વારા ટિકિટો અપાય છે. જેનો વિરોધ વોર્ડ નં.૨ તથા ૩ના જૂના ભાજપના સક્રિય કાર્યકરો વિરોધ કરી રહ્યા છે.

એક પરીવારમાં એક ટીકીટ તે નિયમ અહીં કેમ લાગુ ના થયો? શું નર્મદા ભાજપ એક જ પરીવારને શરણે થઈ ગયા ? કયા ભાજપના નેતાનો હાથ છે? આ અંગેનો એક પત્ર પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હોવાનું જાણવા મળ્યું છે. જો ભાજપ ને એક જ પરીવારને 3 ટીકીટની સોંપણી આપવી હતી તો ભાજપ પક્ષે વોર્ડ નં. ૨ અને ૩ ની સેન્સ પ્રક્રિયા શા માટે રાખી ? સેન્સ પ્રક્રિયામાં જે ઉમેદવારો હાજર હતા તો તેમનું શું ?

એક જાગૃત નાગરીક દ્વારા આની નોંધ લઈને ઉપર સરકાર સુધી રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જૂના પક્ષના કાર્યકરોની અવગણના થઈ રહી છે. આવનાર દિવસોમાં ભાજપ પક્ષે ભારે નુકશાન સહન કરવું પડશે તેવી લોક ચર્ચા પણ છે.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 01:00pm, 03:30pm, 05:15pm, 08:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333